
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૫

પૈસા, શાંતિ, હેલ્થ, બુદ્ધિ, ખુશી કે સુંદરતા

આવતા જન્મની તમારી પહેલી પસંદ શું હશે?



આજની દરેક વ્યક્તિનું જીવન ભાગદોડવાળું બન્યું છે. પૈસા અને નામ મેળવવા માણસ સખત પરિશ્રમ કરે છે. વર્ષોની મહેનત પછી પૈસા અને કીર્તિ મેળવ્યા બાદ તે પાછળ વળીને જુએ છે ત્યારે તેને કાંઈક છૂટી ગયું હોવાનું લાગે છે. એ જે છૂટી ગયું છે તે નેક્સ્ટ જન્મમાં મળે તેની ખેવના રાખે છે. અમે સુરતની એવી વ્યક્તિઓ કે જેઓ પોતાના ક્ષેત્રમાં આગળ પડતું નામ ધરાવે છે તેમની સમક્ષ શાંતિ, પૈસા, સ્વાસ્થ્ય, ખુશી, સુંદરતા કે બુદ્ધિ આ છ વિકલ્પ મૂકીને તેમના અત્યારના જીવનના અનુભવ પરથી તેઓ આવતા જન્મમાં કયો એક વિકલ્પ પસંદ કરશે અને કેમ તે પ્રશ્ન પૂછ્યા ત્યારે તેમણે જે વિકલ્પ પસંદ કર્યા અને કેમ તેનો જવાબ તેમના જ શબ્દોમાં અહીં મૂક્યા છે...

મનની શાંતિ હોય તો જ ખુશી આવે એટલે શાંતિ જોઈએ: -ડો.સુભાષચંદ્ર નંદવાની (ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ)



''મારા આ જીવનમાં મેં મેળવેલા અનુભવો બાદ હું આવતા જન્મમાં શાંતિ પસંદ કરીશ.'' આ શબ્દો છે 57 વર્ષીય ડો. સુભાષચંદ્ર નંદવાનીના. તેઓ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ (પેટ અને આંતરડાના રોગોના નિષ્ણાત) છે. તેમણે જણાવ્યું કે, ''શાંતિ એક મંઝિલ છે બાકી બધાં સાધનો છે. સગવડો માટે પૈસા જોઈએ, સુંદરતા ક્ષણિક છે, આજે છે કાલે નથી. બુદ્ધિની સાથે વિવેક અને વિનમ્રતા હોય તો બુદ્ધિ ઉપયોગી છે. બુદ્ધિમાં વિઝડમ હશે તો બુદ્ધિનો સાચી દિશામાં ઉપયોગ થઈ શકશે. માનવ જીવનનો અલ્ટીમેટ ગોલ શાંતિ છે. મન શાંત હોય તો સારી રીતે વિચારી શકાય, મન શાંત હોય તો સારી રીતે સાચા નિર્ણય લઈ શકાય. પૈસા પણ ઓટોમેટિકલી આવશે જે અંતે હેપ્પીનેસમાં કન્વર્ટ થાય. ખુશી મનની શાંતિ હોય તો આવે એટલે શાંતિ જરૂરી છે. મને ભગવાને જેટલું જોઈએ તેટલું આપ્યું છે તેનાથી હું ખુશ છું પણ ડોક્ટર છું, દર્દી સાથે ઇમોશન જોડાય ત્યારે દર્દીના દુ:ખથી ડોક્ટર પણ વિષાદ અનુભવે ત્યારે થોડો સ્ટ્રેસ આવે. મેં તો જોયું છે કે પૈસા અને નામ પણ ટેમ્પરરી હોય છે. ગીતામાં કહેવાયું છે કે કર્મ કર ફળ શું મળશે તે ઈશ્વર પર છોડી દે. જો ગીતાના આ સારને જીવનમાં ઉતારો તો મનની શાંતિ મળશે. શાંતિ ઉપરાંત હું હેલ્થને પણ આવતા જન્મમાં પ્રિફર કરીશ.''

મનુષ્ય જીવનમાં જે કંઈ પણ કરે છે તે 'ખુશી' પામવા તો કરે છે : - ડો. ફારુક પટેલ (ચેરમેન - એમડી, કેપી ગ્રુપ)

શહેરના જાણીતા બિઝનેસમેન ડો. ફારુક પટેલ કેપી ગ્રુપના ચેરમેન - એમડી છે. ''પ્રામાણિકતાથી કહું તો ઈશ્વરે મને આ જન્મમાં પણ જે કંઈ આપ્યું છે તેનાથી હું બહુ ખુશ છું અને દરેક વસ્તુઓને હું પસંદ કરું છું. પૈસા, શાંતિ, સુંદરતા, બુદ્ધિ, સ્વાસ્થ્યની ઉપર 'ખુશી'નું જ પલડું ભારે કહેવાય. તમારી પાસે બધું જ હોય પણ ખુશી નહીં હોય તો જીવનમાં બેચેની રહે છે. અઢળક પૈસો-સંપત્તિ હોય પણ હેપ્પીનેસ ન હોય તો? પૈસો ઓછો હોય પણ સાથે ખુશી હોય તો દિલ-દિમાગને શાંતિ મળે છે. બુદ્ધિ હોય પણ ખુશી ન હોય તો ડિપ્રેસન મોડ આવી શકે છે અને બીજાથી ઈર્ષ્યા થશે. સુંદરતા હોય પણ તમે તેને અનુભવી ન શકો, ઈશ્વરનો આભાર ન માનો તો ખુશ ન રહી શકો અને ખુશ ન રહી શકો તો મનને પણ સુંદર ન બનાવી શકો. શરીર સુડોળ હોય, સ્વસ્થ હો પણ તેનાથી તમે સંતુષ્ટ ન હો તો સારી રીતે જીવન જીવી ન શકો. મનુષ્ય પોતાના જીવનમાં જે કંઈ પણ પ્રવૃત્તિ કરે છે તે અંતિમ તો ખુશ રહેવા માટે જ કરે છે! એટલે મારા મતે 'ખુશી' જ પ્રાથમિકતા રહે છે.''



આવતા જન્મમાં હું બુદ્ધિનો વિકલ્પ પસંદ કરીશ -નિધિ શિવાય (ડેપ્યુટી કમિશનર)



''આવતા જન્મમાં જો મારે પૈસા, શાંતિ, સુંદરતા કે બુદ્ધિમાંથી કોઈ એક પસંદ કરવાનું હોય તો હું બુદ્ધિ પસંદ કરીશ.'' સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશનર નિધિ શિવાય આઈએસ ઓફિસર છે. તેઓ હાલ સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર તરીકે ફરજ નિભાવી રહ્યાં છે. તેમની પાસે સુરત મહાનગરપાલિકાના મુખ્ય વિભાગોની વિશેષ જવાબદારી છે. હાઇડ્રોલિક, ડ્રેનેજ જેવા ડિપાર્ટમેન્ટ હાલ તેમની પાસે છે. તેઓએ કહ્યું કે, ''જો મનુષ્ય પાસે બુદ્ધિ હોય તો તે ઘણું બધું જિંદગીમાં હાંસલ કરી શકે છે.'' તેમણે પોતાના આ જીવનના અત્યાર સુધીના અનુભવ પરથી જણાવ્યું હતું કે, ''મારી પાસે બુદ્ધિ હતી જેના કારણે હું બુદ્ધિથી એજ્યુકેશનમાં સારું કરી શકી અને હું આઈએસ ઓફિસર આજે બની શકી છું. બુદ્ધિ હતી તો મેં સારું ભણતર મેળવ્યું અને સારું ભણતર મેળવ્યું તો આજે હું સારી ઓફિસર બની અને સારી ઓફિસર બની જેના કારણે આજે હું આ જગ્યા પર છું. જો તમારી પાસે બુદ્ધિ હોય તો તમે પૈસા પણ કમાઈ શકો છો.
જો તમારી પાસે બુદ્ધિ હોય તો તમે શાંતિ પણ મેળવી શકો છો અને સુંદરતા તો પૈસાથી મળી જ જાય છે આજકાલ એટલે હું બુદ્ધિ પસંદ કરીશ. બુદ્ધિના કારણે તમે સમાજમાં, તમારા સર્કલમાં, તમે જ્યાં પણ રહી શકતા હો ત્યાં કોની સાથે કેવી રીતે ડીલ કરવી તે તમને આવડત આવી જાય છે. જેથી બુદ્ધિ મને સૌથી વધારે મહત્ત્વની લાગે છે. એટલે જો આવતા જન્મમાં મારે કંઈ પસંદ કરવાનું આવે તો હું બુદ્ધિ જ માંગીશ જેના કારણે તમે ઘણું બધું હાંસલ કરી શકો છો.''







